GJVD020107772023

## :: આંક–૧ ચાર્જશીટ નીચે હુકમ ::

(૧) આ કામે ફરીયાદપક્ષે પાણીગેટ પોલીસ સ્ટેશન ધ્વારા તા. ૨૯/૩/૨૦૨૩ ના રોજ એવા મતલબની પોલીસ ચાર્જશીટ દાખલ કરેલી છે કે, આરોપી વિશાલ ઉર્ફે લંગડો રાજુભાઈ પવાર કે જે પાકા કામનો કેદી હોય તેને મે.અધિક પો.મહાનિર્દેશક અને જેલોના ઈન્સ્પેકટર જનરલશ્રી ગુજરાત રાજયના હુકમ મુજબ તા. ૩/૧/૨૦૨૩ ના રોજ દિન–૧૪(ચૌદ) માટે ફર્લો રજા પર મુકત કરેલ અને સદર કેદીને તા. ૧૮/૧/૨૦૨૩ નારોજ વડોદરા મધ્યસ્થ જેલમાં હાજર થવાનું હતું જે હાજર થયેલા નહી અને નાશી જઈ પાછળથી પકડાય જઈ તેમ કરી ધી પ્રિઝનલ એકટની કલમ ૫૧(૧)(બી) મુજબનો શીક્ષાપાત્ર ગુનો કરેલો છે. તે મતલબની ફરીયાદ શ્રી બી.આર. પરમાર, જયુડીશીયલ જેલર,વડોદરા મધ્યસ્થ જેલનાએ રાવપુરા પો.સ્ટે.ને આપતા રાવપુરા પોલીસે ગુના સબબ ફરીયાદ રજીસ્ટ્રરે કરી તપાસ કરી તપાસના અંતે પાણીગેટ પો.સ્ટે. ધ્વારા આ ગુનાની ચાર્જશીટ આ અદાલતમાં દાખલ કરેલ છે.

(૨) ઉપરોકત રીતે ગુનાનું ચાર્જશીટ આ અદાલતમાં દાખલ થતા સદર ચાર્જશીટ રજીસ્ટરે લેવાનો અને આરોપી ઉપર ધી પ્રિઝન્સ એકટની કલમ ૫૧(૧)(બી) ના ગુનાનો સમંસ કાઢવા આદેશ કરેલો છે અને આરોપી પાછળથી પકડાય આવેલ હોય તે હાલ જેલમાં છે. આરોપીની સદર કામે આંક–૫ થી પ્લી નોંધવામાં આવેલ છે જેમાં તેઓને ગુનો કબુલ નહી હોવાનુ જણાવે છે. આમ, આ કામનું રેકર્ડ વેરીફાઈ કરતા ચાર્જશીટ સાથેના પોલીસ પેપર્સ, રોજકામ, જેલમાં લખાયેલી યાદીઓ આ કામના રેકર્ડ ઉપર રજુ થયેલા છે. આમ, તમામ પેપર્સની તપાસ/ ચકાસણી કરતા હાલના કામના આરોપી પાકા કામના કેદી તરીકે હોય તેવુ સ્પષ્ટપણે અભિપ્રેત થઈ રહેલ છે.

(૩) આ કામનું રેકર્ડ વેરીફાઈ કરતા રેકર્ડમાં સદર આરોપીને તા. ૨૨/૮/૨૦૧૯ ના રોજ આજીવન કેદની સજા આપવામાં આવેલ અને ત્યારથી સદર આરોપી પાકા કામના કેદી તરીકે જેલમાં રખાયેલ હોય તેવું જણાઈ આવે છે.

(૪) આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આ કામના આરોપી વિશાલ ઉર્ફે લંગડો રાજુભાઈ પવાર જે પાકા કામનો કેદી હોય તેને મે.અધિક પો.મહાનિર્દેશક અને જેલોના ઈન્સ્પેકટર જનરલશ્રી ગુજરાત રાજયના હુકમ મુજબ તા. ૩/૧/૨૦૨૩ ના રોજ દિન–૧૪(ચૌદ) માટે ફર્લો રજા પર મુકત કરેલ અને સદર કેદીને તા. ૧૮/૧/૨૦૨૩ ના રોજ વડોદરા મધ્યસ્થ જેલમાં હાજર થવાનું હતું જે હાજર નહી થઈ નાશી જઈ પાછળથી પકડાયેલ અને ત્યારબાદ તા.૨૧/૭/૨૦૨૩ ના રોજ આરોપીનું પ્રાથમીક નિવેદન (પ્લી) રેકર્ડ કરવામાં આવેલ છે, જેમાં તેઓએ ગુનાનો ઈન્કાર કરેલ છે. આ અદાલતે આ કામનું રેકર્ડ વેરીફાઈ કરી કાયદાની જોગવાઈઓનો અભ્યાસ કરી યોગ્ય ન્યાયીક આદેશ કરવો જોઈએ તેમાં ન્યાયનું હીત જળવાયેલું છે તેવુ માની આરોપીના હકક અધિકારને નજર સમક્ષ રાખી હાલનો આંક–૧ ઉપર યોગ્ય ન્યાયીક આદેશ કરવાનું આ અદાલતે મુનાસીબ માનેલુ છે. કારણ કે આ કામે ધી પ્રિઝન્સ એકટની કલમ ૫૧(૧)(બી) ની જોગવાઈઓ ધ્યાને લેતા ૨ વર્ષ સુધીની કેદ અથવા રૂા.૧૦૦૦/– સુધીનો દંડ અથવા બંને સજાની જોગવાઈ છે. આ જોગવાઈ ધ્યાને લેતા અને સી.આર.પી.સી.૧૯૭૩ ના બીજા શેડયુલ મુજબ હાલનો ગુનો બેલેબલ ગુનો છે. આ અદાલત આરોપી ઉપર મુકવામાં આવેલ આક્ષેપીત ગુના સંદર્ભે કરવામાં આવેલી ચાર્જશીટ બાબતે કોઈ ટેકનીકલ બાધ છે કે કેમ ? તેમજ આ ગુના કામે કુલ ફ્લજડ ટ્રાયલ ચલાવી તેનો કોઈ નિશ્ચિત ઈચ્છિત પરીણામ મળી શકે છે કે કેમ ? કે અદાલત દવારા કરવામાં આવતી કાર્યવાહી તે સમયની બરબાદી તરીકે નિવેડવાની છે ? તે જ રીતે આરોપીના હકક અધિકારનું પણ રક્ષણ થઈ શકે તેવી તમામ બાબત નજર સમક્ષ રાખી આ ગુના કામે યોગ્ય ન્યાયીક હુકમ કરવો આ અદાલતે મુનાસીબ માનેલું છે.

(૫) ઉપરોકત પ્રાથમીક ચર્ચા કર્યા બાદ આ ગુના કામે આક્ષેપીત ગુનાની સજાની જોગવાઈ વગેરે ધ્યાને લેતા હાલના આરોપી ઉપર ૧૪ દિવસની ફર્લો રજા ઉપર મુકત કરવાના ફર્લો પર છોડવા અંગેના હુકમનો ભંગ કરી ૧૪ દિવસ કરતા વધુ સમય જેલની બહાર રહી તેમ કરી ફર્લોના હુકમનો ભંગ કરી ધી પ્રિઝન્સ એકટની કલમ ૫૧(૧)(બી) મુજબના ગુનાનો આરોપ મુકવામાં આવેલો છે. તે ગુના કામે આ અદાલતે The AIR Menual Civil & Criminal 6th Edition Vol.40 Page No.173 ઉપર કરવામાં આવેલી ગુજરાત એમેન્ડમેન્ટની જોગવાઈ ધ્યાને લેવામાં આવેલી છે. તે મુજબ આ ગુના કામે ૨ વર્ષ સુધીની કેદ અથવા રૂા.૧૦૦૦/– સુધીનો દંડ અથવા બંને સજાની

જોગવાઈ કરવામાં આવેલી છે. જે કલમ ધી પ્રિઝન્સ એકટની કલમ ૫૧(૧)(બી) માં એવી જોગવાઈ કરવામાં આવેલી જોગવાઈ મુજબ બેલેબલ ગુનો છે. તે જ પ્રમાણે નોન–કોગ્નીઝેબલ સ્વરૂપનો ગુનો છે. તેમ છતાં સદર કલમ ૫૧(બી)(ર) માં કોગ્નીઝન્સ લેવા ઉપર પ્રતીબંધ ફરમાવવામાં આવેલો છે. આમ,ધી પ્રિઝન્સ એકટની કલમ ૫૧(બી)(ર) માં કરવામાં આવેલી સ્પષ્ટ જોગવાઈ અન્વયે નામ.કોર્ટને રાજય સરકાર કે સત્તામંડળની મંજુરી વગર કોગ્નીઝન્સ લેવા ઉપર સ્પષ્ટપણે પ્રતિબંધ ફરમાવેલો છે. તેથી આ કામનું રેકર્ડ વેરીફાઈ કરતા આ કામે ચાર્જશીટ સાથે તપાસ અધિકારીએ રાજય સરકારની કે સક્ષમ સત્તામંડળ ની મંજુરી મેળવેલી હોય તેવુ રેકર્ડમાં સામેલ ચાર્જશીટમાં કે ચાર્જશીટ સંલગ્ન પેપર્સમાં જણાઈ આવતુ નથી. આમ, ચાર્જશીટ વંચાણે લેતા એ સ્પષ્ટ થાય છે કે આ કામે રાજય સરકારની કે સક્ષમ અથોરીટીની મંજુરી મેળવેલી નથી. એટલે કે કલમ ૫૧(બી)(ર) ની જોગવાઈનો સ્પષ્ટપણે ભંગ થતો જણાઈ આવે છે. તેમ છતાં સદર કામે આરોપીનું કોગ્નીઝન્સ લીધું હોય તેવું અભિપ્રેત થાય છે. પરંતુ આ કામે ઉપર ચર્ચા કરી તે મુજબ આરોપીને તા. રર/૮/ર૦૧૯ ના રોજ થી પાકા કામના કેદી તરીકે જયુડીશીયલ કસ્ટડીમાં રાખવામાં આવેલ છે. તેથી આરોપીને આ ગુના કામે તેના માનવ અધિકારોની બાબત નજર સમક્ષ રાખતા જયારે આ ગુના કામે રાજય સરકારની પુર્વ મંજુરી લેવામાં આવેલી જ નથી ત્યારે હાલનું કામ આગળ ચલાવવા થી પણ માત્ર નિરર્થક મહેનત અને સમયની બરબાદી લેખાશે. આ કામે ચાર્જશીટમાં જણાવ્યા મુજબના ગમે તેટલા સાક્ષીનો પુરાવો રેકર્ડ કરવામાં આવશે તો પણ કલમ ૫૧(બી)(ર) ની આદેશાત્મક જોગવાઈનું પાલન થતુ ના હોય આ કેસની ટ્રાયલ સજામાં પરીણામવાની નથી માટે **નામ. સર્વોચ્ચ અદાલતે ૧૯૯૬(૪) કરંટ ક્રિમીનલ રીપોર્ટ પેજ નં.૪ થી સતીષ મહેરા વિ. દિલ્હી એડમીન્ટ્રેશન** ના ચુકાદામાં નામ. સુપ્રીમ કોર્ટની ડીવીઝન બેન્ચે ઠરાવેલ છે કે '' જયારે જજને ચોકકસપણે લાગે કે કેસના સંજોગોને ઘ્યાને લેતા કેસને અંતે સજામાં પરીણામશે નહી ત્યારે કોર્ટનો અમુલ્ય સમય પ્રોસીઝર પુરી કરવા માટે વેડફવો નહી.'' આ કામે પણ ફરીયાદપક્ષે ચાર્જશીટમાં ૪ સાહેદોના નામનો ઉલ્લેખ કરેલો છે, પરંતુ રાજય સરકારની કે સક્ષમ સત્તામંડળની પરવાનગી કે મંજુરીનો ઉલ્લેખ કરેલો નથી ત્યારે ગમે તેટલા પુરાવા રેકર્ડ કરવામાં આવશે તો પણ મંજુરી કે પરવાનગીની ગેરહાજરીમાં આ કેસની ટ્રાયલ સજામાં પરીણામવાની નથી. તેથી અદાલત ગમે તેટલા પુરાવા રેકર્ડ કરે તો પણ માત્ર સમયની બરબાદી અને આરોપીને હાડમારી થશે તેવુ આ અદાલતનું માનવું છે.

(૬) આ કામે ઉપર ચર્ચા કરી તે મુજબ પાણીગેટ પો.સ્ટે. તા. ૨૯/૩/૨૦૨૩ ના રોજ પોલીસ ચાર્જશીટ દાખલ કરેલુ છે જ્યારે ધી પ્રિઝન્સ એકટની કલમ ૫૧(૧)(બી) વંચાણે લેવામાં આવે તો સદરહું ગુના સબબ ૨ વર્ષ સુધીની સજા અથવા રૂા.૧૦૦૦/– નો દંડ અથવા બંને સજાની જોગવાઈ છે. આમ, સી.આર.પી.સી.ના સેકન્ડ શેડયુલ મુજબ હાલનો ગુનો બેલેબલ અને નોન–કોગ્નીઝન્સ ગુનો છે. એટલે નોન–કોગ્નીઝન્સ ગુનો હોય તો સી.આર.પી.સી.ની કલમ–૧૫૫(૨) ની જોગવાઈ મુજબ સબંધીત કોર્ટની મંજુરી મેળવી તપાસ આગળ ધરવાની હોય છે. અન્યથા નામ.કોર્ટમાં ફોજદારી ફરીયાદ દાખલ કરવાની હોય છે. પરંતુ આ કામે નામ.કોર્ટમાં સી.આર.પી.સી. કલમ–૨ ડી. મુજબની કોઈ જ ફરીયાદ દાખલ કરેલ હોય કે તે જ રીતે સી.આર.પી.સી. કલમ–૧૫૫(૨) મુજબની સબંધીત કોર્ટની મંજુરી મેળવેલી હોય તેવી કોઈ જ બાબત રેકર્ડ ઉપર રજુ થયેલી નથી. રેકર્ડનો અધ્યાસ કરતા આવી ફોજદારી ફરીયાદ કે નામ. કોર્ટની મંજુરીનો આદેશ આ કામના રેકર્ડ ઉપર રજુ થયેલો ન હોય ત્યારે એન.સી. ગુનોમાં પોલીસને તપાસ કરી ચાર્જશીટ દાખલ કરવા માટે સમર્થતા મળતી નથી. આમ, તે રીતે પણ ટેકનીકલ કારણોસર હાલની ચાર્જશીટનું કામ આગળ ચલાવા પાત્ર નથી.

(૭) ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી એન.એ. પાઠકની રજુઆત છે કે, ફરીયાદપક્ષને પોતાનો કેસ રજુ કરવા સાક્ષી તપાસવા માટે નામ.અદાલતે તક આપવી જોઈએ. ટેકનીકલ કારણોસર આ કામની ટ્રાયલને રોકી ફરીયાદપક્ષને પુરતી તક મળશે નહી. ફરીયાદપક્ષને પોતાનો કેસ પુરવાર કરવા યોગ્ય તક આપવી જોઈએ.

વિ.એ.પી.પી.શ્રી એન.એ. પાઠકની ઉપરોકત રજુઆત સાથે આ અદાલત સંમત નથી કારણ કે, નામ.ગુજરાત હાઈકોર્ટે રીપોર્ટેડ કેસ **<u>૨૦૦૯(૦) એ.આઈ.જે.ઈ.એલ. એચ.સી. તા. ૨૨/૦૮/૧૬ સંજય ઉર્ફે શીવો બાબુલાલ વિ. ગુજરાત રાજ્ય</u>** ના ચુકાદામાં તેમજ **<u>રાહુલકુમાર સુરેશભાઈ પટેલ વિ. ગુજરાત રાજ્ય ક્રિ.અ.નં.૧૫૪૬ /૨૦૧૬</u>** ના કામમાં ઠરાવેલ સીધ્ધાંતો પ્રમાણે ધી પ્રિઝન્સ એકટની કલમ ૫૧(બી)(૨) ની જોગવાઈઓનું પાલન થતુ ના હોય તો આ કેસ ટ્રાયલ સજામાં પરીણામવાની નથી. આ સંજોગોમાં ઉપરોકત ચર્ચા કરી તે મુજબ આ ગુના કામે પણ ધી પ્રિઝન્સ એકટની કલમ ૫૧(બી)(૨) મુજબની રાજ્ય સરકારની કે સક્ષમ સત્તામંડળની મંજુરી/પરવાનગી વગર આ કામની ટ્રાયલ આગળ ચલાવવા પ્રોસીઝર પુરી કરવા માત્રથી આ અદાલતનો અમુલ્ય સમય વેડફાશે અને આરોપીએ કાયદાથી ઠરાવેલ સજાની જોગવાઈ કરતા

વધુ સમયથી જયુડીશીયલ કસ્ટડીમાં રહેલા હોય તેમના માનવ હકક અધિકારનું સ્પષ્ટપણે રક્ષણ થઈ શકશે નહી તેવુ આ અદાલતનું માનવું છે. આ કામે પેરેગ્રાફ નં.૬ માં ચર્ચા કરી તે મુજબ હાલનો ગુનો નોન–કોગ્નીઝેબલ એટલે કે એન.સી. સ્વરૂપનો ગુનો છે. જે ગુનામાં નામ. કોર્ટમાં સી.આર.પી.સી.ની કલમ–૨ ડી. મુજબની ફરીયાદ આપવાની હોય છે અને સી.આર.પી.સી.ની કલમ–૧૫૫(૨) નામ.કોર્ટની પરવાનગી મેળવી પોલીસે તપાસની કામગીરી આગળ હાથ ધરવાની હોય છે. પરંતુ આ કામે રેકર્ડનો અધ્યાસ કરતા ફરીયાદપક્ષે ફરીયાદ રજુ કરેલી નથી તેમજ સી.આર.પી.સી. કલમ–૧૫૫(૨) મુજબ એન.સી. ફરીયાદની તપાસ આગળ ચલાવવા નામ.કોર્ટની મંજુરી પણ મેળવેલ નથી. આ તમામ સંજોગો ધ્યાને લેતા ૫ વર્ષના સમયગાળા થી હાલની ટ્રાયલનું કામ પેન્ડીંગ પડેલ છે અને ઉપરોકત ચર્ચા કરી તે મુજબ ટ્રાયલનું કામ અનંતકાળ સુધી લંબાવી શકાય નહી અને જો લંબાવવા માં આવે તો આરોપી યુ.ટી.પી. હોય તેને અન્યાય થાય તેમ છે. આ ઉપરાંત જયારે ટ્રાયલ ચલાવીને તેનું પરીણામ સજામાં પરીણામવાનું ના હોય ત્યારે નામ. કોર્ટના સમયની બરબાદી કરી પ્રક્રિયા પુરી કરવી આ અદાલત ન્યાયોચીત માનતી નથી તેથી ન્યાયના વિશાળ હીતમાં આ ગુના કામની ટ્રાયલ સી.આર.પી.સી. કલમ ૨૫૮ તળે પડતી મુકવી જોઈએ તેવુ આ અદાલતનું માનવું હોય નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**: હુ ક મ :**

(૧) આરોપી વિશાલ ઉર્ફે લંગડો રાજુભાઈ પવાર, ઉ.વ. ૩૨, હાલ રહે. જીલ્લા જેલ, વડોદરાના વિરુધ્ધમાં દાખલ કરવામાં આવેલ આક્ષેપ ધી પ્રિઝન્સ એકટની કલમ ૫૧(૧)(બી) ના ગુનાની ટ્રાયલ ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ ૨૫૮ મુજબ બંધ કરી આરોપીને ટેકનીકલ કારણોસર નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ હુકમની એક યાદી વડોદરા મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવી.

(૩) સી.આર.પી.સી.કલમ ૪૩૭(એ) મુજબ આરોપી પાકા કામના કેદી તરીકે વડોદરા મધ્યસ્થ જેલમાં હોય, આ હુકમ વિરુધ્ધ અપીલ થાય તો અપીલના કામે હાજર રહેવાની ખાત્રી આપતા રૂા.૫૦૦૦/– ના જાત મુચરકો આરોપીએ રજુ રાખવા.

તા: ૦૯/૦૯/૨૦૨૩
વડોદરા.

**(ડી.એચ. ખંભાતી)**
ત્રીજા એડી.ચીફ, જયુડી. મેજી.
વડોદરા.
કોડ : જી.જે. ૦૦૮૬૬